# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર – ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ,

ગાંધીનગર – ૩૮૨૦૧૦


આર-૧ શાખા

જાહેરાત ક્રમાંક: ૮૧/૨૦૨૪-૨૫ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મદદનીશ ઇજનેર(સિવિલ), વર્ગ-૨ ની કુલ=૨૫૦ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા તા:-૧૪-૧૧-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તા:-૩૦-૧૧-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજીઓ (https://gpsc-ojas.gujarat.gov.in/) મંગાવવામાં આવે છે.

આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટિસ બોર્ડ અથવા આયોગની વેબસાઇટ (https://gpsc.gujarat.gov.in) ઉપર જોવા વિનંતી છે.

જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**[૧]**

પ્રાથમિક કસોટીનો સૂચિત માસ: એપ્રિલ-૨૦૨૫

પ્રાથમિક કસોટીના પરિણામનો સૂચિત મહિનો: ઓગસ્ટ-૨૦૨૫

રૂબરૂ મુલાકાતનો સૂચિત મહિનો: જાન્યુઆરી-૨૦૨૬

આખરી પરિણામ:- રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવશે.

જગ્યાનું નામ: મદદનીશ ઇજનેર(સિવિલ), વર્ગ-૨, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ની કુલ=૨૫૦ જગ્યા

| ક્રમ | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૯૯ | ૩૩ |
| ૨ | આર્થિક રીતે નબળા વર્ગો | ૫૮ | ૧૮ |
| ૩. | સા. અને શૈ.પ.વર્ગ | ૫૪ | ૧૭ |
| ૪. | અનુસૂચિત જાતિ | ૨૪ | ૦૭ |
| ૫. | અનુસૂચિત જનજાતિ | ૧૫ | ૦૫ |
| | કુલ | ૨૫૦ | ૮૦ |

નોંધ:

(૧) કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક (Ex-serviceman) ઉમેદવારો માટે ૦૨ જગ્યા અનામત રાખવામાં આવેલ છે.

(૨ કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ (Persons with Disabilities) ઉમેદવારો માટે નીચે મુજબ કુલ-૨૨ જગ્યા અનામત રાખવામાં આવેલ છે. પરંતુ નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

